# <u>પ્રકરણ–૧૭</u>
# <u>(નિયમ સંગ્રહ–૧૬)</u>

## <u>માહિતી મેળવવા માટે નાગરિકોને ઉપલબ્ધ સવલતોની વિગતો :</u>

નાગરીકોને માહિતી મળે તે માટે કોર્પોરેશનમાં નીચે મુજબના સાધનો,પધ્ધતિઓ/ સવલતો ઉપલબ્ધ છે.

૧. વર્તમાનપત્રો ધ્વારા સમયાંતરે જાહેરાત આપી કાર્યક્રમોનો અમલ કરવામાં આવે છે અને યોજનાઓનો પ્રચાર કરવામાં આવે છે. જે અંગેની વિગતો કોર્પોરેશનની જિલ્લા કચેરીઓમાં માહિતી ઉપલબ્ધ હોય છે.

૨. કોર્પોરેશનની વડી કચેરીએ તેમજ જિલ્લા કચેરીએ નોટિસ બોર્ડ પર કોર્પોરેશનના કાર્યક્રમોની વિગતો જોઈ શકાય છે.

૩. માહિતી માટે કચેરીના રેકર્ડનું નિરિક્ષણ નાગરિકો કરી શકે છે.

૪. દસ્તાવેજોની નકલો મેળવવા રજુઆત કરેથી આપવાની પ્રથા રાખેલ છે.

૫. કોર્પોરેશનના કર્મચારીઓ / અધિકારીશ્રીઓ મારફત ગ્રામ સભાઓમાં તથા ગ્રામ્ય પંચાયતોમાં કોર્પોરેશનના કાર્યક્રમોની માહિતી ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

૬. સમયાંતરે કોર્પોરેશનની યોજનાકીય પુસ્તિકા/માહિતી પેમ્ફલેટ બહાર પાડી સરકારશ્રીના જાહેર કાર્યક્રમો સમયે વહેંચણી કરી કોર્પોરેશનના કાર્યક્રમોનો પ્રચાર અને પ્રસાર કરવામાં આવે છે.